GPCB

GUJARAT POLLUTION CONTROL BOARD
PARYAVARAN BHAVAN
Sector 10-A, Gandhinagar 382 010
Phone : (079) 23226295
Fax : (079) 23232156
Website : www.gpcb.gov.in

**પાણી પ્રદૂષણ ( નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ 1974ની કલમ 33 (અ) હેઠળ બંધ ઉદ્યોગને ચાલુ કરવાનો હુકમ.**

1. આપ મેસર્સ નર્મદા ક્લીન ટેક લીમીટેડ, સુરતી ભાગોળ, ઉમરાવાડા રોડ અંકલેશ્વર, જી.ભરૂચ ઠેકાણે સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટ ચલાવો છો.
2. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તા.૨૪-૨-૨૦૧૫ના પત્રનંબરઃ જીપીસીબી/બી.આર.સી.એચ/ સીસીએ-૧૦૧૫(૨૦) /આઇડી-૨૭૮૩૩/૩૦૫૦૫૫ થી પાણી પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ ૧૯૭૪ની કલમ ૩૩(અ) હેઠળ આપના સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટને ૧૫ દિવસની અસરથી બંધ કરવા માટે હુકમ કરવામાં આવેલ હતો.
3. આપે રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પપેપર પર નોટરાઇઝડ અન્ડરટેકીંગ અત્રે રજુ કરેલ છે અને જણાવેલ છે કે,
   આપ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમોનું પાલન કરશો.
   - આમલાખાડી તરફ જતી ઓવરફલો લાઇન સીલ કરેલ છે અને હવે ફકત એક જ આઉટલેટ છે.
   - 20 ML કેપેસીટીનો નવો ગાર્ડ પોન્ડ બનાવશો.
   - FETPના અપગ્રેડેશન માટે NEERIની સેવા લીધેલ છે અને તેના સૂચનો પ્રમાણે FETP અપગ્રેડ કરશો.
   - ટુંકા ગાળાના તથા લાંબા ગાળાનો એકશન પ્લાન્ટ આપેલ છે.
4. આપના એકમ દ્વારા તા.૧૧-૦૩-૨૦૧૬ સુધીની માન્યતા સાથેની રૂ.૧૦,૦૦,૦૦૦/- ની બેંક ગેરંટી અત્રે જમા કરાવવામાં આવેલ છે.
5. આપના દ્વારા જમીન ઉપરનું ગંદુ પાણી ઉઠાવી લીધેલ છે અને સોઇલ રેમીડીએશન સત્વરે હાથ ધરનાર છે.
6. આપના દ્વારા પાઇપલાઇન તોડનાર સામે FIR દાખલ કરાયેલ છે.
7. આપના દ્વારા ઇમરજન્સી રીસપોન્સ એકશન પ્લાન જમા કરાયેલ છે.
8. આપનો વિજપુરવઠો ૧૧-૩-૨૦૧૫ના રોજ કપાયેલ છે.
9. ઉપરોકત સંજોગોમાં હું, કે.સી.મિસ્ત્રી, વરિષ્ઠ પર્યાવરણ વૈજ્ઞાનિક, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, આજ્ઞાનુસાર જણાવું છું કે, પાણી પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ 1974ની કલમ 33 (અ) હેઠળ એકમને અગાઉ તા. ૨૪-૦૨-૨૦૧૫ ના રોજ પાઠવવામાં આવેલ બંધના હુકમને આપેલ અંડરટેકીંગની શરતોનું પાલન કરવાની શરત સાથે તથા નીચેની શરતોનું પાલન કરવાની શરત સાથે ત્રણ મહિનાના સમય માટે પરત ખેંચવાનો હુકમ કરૂં છું.
   i. તા.૧૨-૦૩-૨૦૧૫ રોજના અંડરટેકીંગમાં આપેલ ટુંકાગાળાના તથા લાબા ગાળાના એકશન પ્લાનનું પાલન કરવું અને દર માસે તેનો પ્રોગ્રેસ રીપોર્ટ બોર્ડને આપવો.
   ii. ઇમરજન્સી ગાર્ડ પોન્ડ હંમેશા ખાલી રાખવા.
   iii. હાલમાં ગાર્ડ પોન્ડ ખાલી કર્યા પછી જ નવું effluent લેવું.
   iv. જ્યાં ટ્રીટેડ ઔદ્યોગિક ગંદુ પાણી ભંગાણ દરમ્યાન ગયેલ છે તે વિસ્તારનું રેમેડીએશન સત્વરે પૂર્ણ કરવું.
   v. જ્યાં સુધી FETPના જરૂરી ટ્રીટમેન્ટ એકમો ખાલી/તૈયાર ન હોય ત્યાં સુધી ઔદ્યોગિક એકમોનું ગંદુ પાણી લેવાનું ચાલુ ન કરવું.
   vi. NCTL એ તેઓના દરેક સભ્યોને લેખીત સુચના આપવી કે દરેક ઔદ્યોગિક સભ્ય એકમે તેમનુ ત્રણ દિવસ સુધી ઔદ્યોગિક ગંદુપાણી આપાત કાલીન પરિસ્થીતીમાં સંગ્રહ કરી શકાય તેવી સગવડ ઉભી કરશે અને આ ઔદ્યોગિક સભ્ય એકમ એક મહિનામાં NCTL તથા GPCB ને જાણ કરશે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નામે અને વતી,

(કે.સી.મિસ્ત્રી)
વરિષ્ઠ પર્યાવરણ વૈજ્ઞાનિક

Outward No.367063, 19/03/2015

નંબર :- જીપીસીબી/બી.આર.સી.એચ/સીસીએ-૧૦૧૫(૨૧)/ આઇડી-૨૭૮૩૩/ તા.

પ્રતિઃ-

1) કબજેદાર/મેનેજરશ્રી,
મેસર્સ નર્મદા કલીન ટેક લીમીટેડ,
સુરતી ભાગોળ,ઉમરાવાડા રોડ અંકલેશ્વર,
જી.ભરૂચ

નકલ રવાનાઃ-

૧) અધિકારીશ્રી,
દક્ષિણ ગુજરાત વીજ કંપની પ્રા.લિમિટેડ,
જીઆઇડીસી સબ ડીવીઝન, ડીજીવીસીએલ,
રોડ નંબર- કે-૧/ ૨૦૫, જી-દલા ટ્રાન્સપોર્ટ પાસે,
જીઆઇડીસી- અંકલેશ્વર , જી. ભરૂચ

આથી તમોને વિનંતી કરવામાં આવે છે કે, ઉપર જણાવેલ ઉદ્યોગનો વીજ પુરવઠો આ હુકમ થયાના દિવસથી ત્રણ મહિનાના સમય માટે ચાલુ રાખશો અને તેની જાણ લેખિત પત્રથી બોર્ડને કરવી.

૨) અધિકારીશ્રી,
નોટીફાઇડ એરિયા,
પ્લોટ નંબર-૬૧૮-૬૧૯,
જીઆઇડીસી – અંકલેશ્વર,
જી- ભરૂચ.

આથી તમોને વિનંતી કરવામાં આવે છે કે, ઉપર જણાવેલ ઉદ્યોગનો પાણી પુરવઠો આ હુકમ થયાના દિવસથી ત્રણ મહિનાના સમય માટે ચાલુ રાખશો અને તેની જાણ લેખિત પત્રથી બોર્ડને કરવી

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નામે અને વતી

(કે.સી.મિસ્ત્રી)
વરિષ્ઠ પર્યાવરણ વૈજ્ઞાનિક

નકલ રવાનાઃ-

(૧) પ્રાદેશિક અધિકારીશ્રી , જી.પી.સી.બી અંકલેશ્વર આ હુકમ થયાના ત્રણ દિવસમાં સદર એકમની મુલાકાત લઇ તેનો મુલાકાત અહેવાલ અત્રેની કચેરીમાં જમા કરાવવા જાણ સારૂં.

(૨) કાયદા શાખા,વડી કચેરી, ગાંધીનગર

(૩) તકેદારી શાખા, જી.પી.સી.બી.સુરત.

Outward No:307063 13/03/2015